અનુદાન વગરની બિન સરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વ્યવસ્થાપન નીતિ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૧૬-૭૦૨-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૬-૦૬-૨૦૧૬

વંચાણે લીધા:-

૧. શિક્ષણ વિભાગનો તારીખ ૩૧-૦૧-૧૯૯૭નો ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૨૯૫-ઈએમઆર-૬૩-ગ.૧
૨. શિક્ષણ વિભાગનો તારીખ ૨૮-૦૮-૧૯૯૮નો ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૨૯૫-ઈએમઆર-૬૩-ગ.૧
૩. શિક્ષણ વિભાગનો તારીખ ૦૧-૦૭-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૧૧-૧૧૭૩-ગ.

ઠરાવ:-

રાજ્યમાં અનુદાન વગરની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સેલ્ફ ફાયનાન્સ સ્કૂલ) ને મંજુરી આપવા અંગેની નીતિ જુન-૧૯૯૩થી અમલમાં મૂકવામાં આવી છે.

રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વિસ્તાર અને વિકાસ માટે અનુદાન વગરની સ્વનિર્ભર શાળાઓને સ્વાયત્તતા આપવી જરૂરી હોય તારીખ ૦૧-૦૭-૨૦૧૧ના ઠરાવથી આદર્શ આચારસંહિતાની બાબત નક્કી કરી આદર્શ આચારસંહિતાના ભંગ બાબતની કાર્યવાહી અંગે જરૂરી જોગવાઈઓ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત વ્યવસ્થા અમલમાં હોવા છતાં કેટલાક શાળા સંચાલકો દ્વારા સ્વાયત્તતાનો દુરુપયોગ કરી વ્યાજબી કારણો વગર ફી વધારો કરવો, શાળાના વિકાસના નામે વાલીઓ પાસેથી દાનની માગણી કરવી, ક્યારેક શૈક્ષણિક વર્ષ દરમ્યાન પણ કેટલીક સ્વનિર્ભર શાળાઓ દ્વારા અસહ્ય ફી વધારો કર્યો હોવાની તેમજ અલગ અલગ કારણો દર્શાવીને અલગ અલગ પ્રકારની ફી ઉઘરાવતા હોવાની ફરિયાદો રાજ્ય સરકારને મળે છે.

આદર્શ આચારસંહિતાના અમલ માટે રાજ્ય સરકારશ્રીએ આપેલ સૂચનાઓ અમલમાં હોવા છતાં ફરિયાદો મળે છે ત્યારે જાહેર હિતમાં ઉપરોક્ત વ્યવસ્થામાં નીચે દર્શાવ્યા મુજબનો ફેરફાર કરવાનું રાજ્ય સરકારને આવશ્યક જણાયું છે.

"આદર્શ આચારસંહિતામાં શાળાએ લીધેલ ફી સામે કરેલ ખર્ચનું દર વર્ષે ઓડીટ કરાવી હિસાબો પોતાની વેબસાઈટ પર તેમજ વિદ્યાર્થીઓ તથા વાલીઓની જાણકારી માટે શાળાના નોટીસ બોર્ડ ઉપર દર વર્ષે જાહેર હિતાર્થે પ્રસિધ્ધ કરવાની બાબત જણાવેલ છે. તદઉપરાંત દર વર્ષે વિદ્યાર્થીની ફી માં મનસ્વી રીતે વધારો કરી શકાશે નહીં અને જો વધારો અનિવાર્ય હોય તો શૈક્ષણિક સત્ર શરૂ થતા છ માસ પહેલાં અગાઉથી વાલીઓને લેખિતમાં જાણ કરવાની જવાબદારી શાળાઓની રહેશે." ઉપરોક્ત બાબતમાં ૧૦% કરતાં વધુ ફી વધારાના કેસોમાં વાલીઓના પૂર્વ પરામર્શની કોઈ વ્યવસ્થા ન હોઈ વાલીઓ સાથે



17/06/16

પરામર્શ કર્યા બાદ જ ૧૦%થી વધારે ફી વધારી હોય તો તે અમલમાં મુકવાની રહેશે તે મુજબનો સુધારો કરવામાં આવે છે. તદુપરાંત ૧૦% થી વધારે ફી વધારો કરવાનો હોય તે સંજોગોમાં વાલીઓ સાથે પરામર્શ કર્યા બાદ પણ વાલીઓની રજુઆત હોય તો પ્રત્યેક જિલ્લામાં નીચે જણાવ્યા મુજબના સભ્યોની બનેલી કમીટી સમક્ષ તેની રજુઆત કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | કલેક્ટરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્ય |
| ૩ | શાસનાધિકારીશ્રી, | સભ્ય |
| ૪ | શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલ બે તજજ્ઞો | સભ્ય |
| ૫ | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ | સભ્ય |
| ૬ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્યસચિવ |

<u>સમિતિનું કાર્યક્ષેત્ર નીચે મુજબ રહેશે:</u>

૧. ઉક્ત કમીટી ફી વધારાની યોગ્યતાની ચકાસણી કરી કમીટીને યોગ્ય જણાયે ફી વધારો મંજૂર કરવા અંગે નિર્ણય કરી શકશે. જિલ્લા કક્ષાની કમીટી દ્વારા ફી વધારાની મંજુરી ન આપવામાં આવે તો તે ફી વધારો સંબંધિત શાળા દ્વારા અમલમાં મૂકી શકાશે નહીં. અન્ય કોઈ કારણસર ડોનેશન ઉઘરાવેલ હોય કે અન્ય નાણાકીય લાભ વાલીઓ પાસેથી સંસ્થાએ યોગ્ય રીતે પ્રાપ્ત કરેલ ન હોય તો તે બાબતોની તપાસ કરવી અને જરૂરી ભલામણ કરવી.

૨. વાલીઓ તરફથી મળેલ ફરિયાદની તપાસ જ્યાં સ્કૂલ દ્વારા ગેરરીતિ આચરવામાં વિદ્યાર્થી દીઠ અથવા તો અસહ્ય ફી વધારો અગર ડોનેશન ઉઘરાવવામાં આવતું હોય તેવા કેસોમાં તપાસ કરીને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને જરૂરી ભલામણ કરી શિક્ષાત્મક પગલાં લેવાં જણાવવું.

૩. કેટલાક કેસોમાં કેટલીક સ્કૂલો દ્વારા આપેલ એડમીશન સમયે જે ફી વસુલ કરવામાં આવી હોય એ એવા કેસોમાં જો વિદ્યાર્થી દ્વારા શાળા બદલવામાં આવે તો રીઝનેબલ કપાત કર્યા બાદ બાકીની તમામ ફી સંબંધિત વિદ્યાર્થીને પરત કરવી.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(જયેશ જોષી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

ક્રમાંક :મઉમશબ/શાનિ/૭૦૦૪/૭૯૩૪
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦-બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૨૭/૬/૨૦૧૬